# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "B" (2.21) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ-૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

ફોન : (૦૨૭૬૬) ૨૩૭૦૦૦ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


પરિપત્ર નં.- ૬૫/૨૦૨૬

વિષય : શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬-૨૭ માટે વધારાના ડિવીઝનની દરખાસ્ત મોકલવા અંગે.

સંદર્ભ : ૧. કા x સ અને BOM સભાના ઠરાવ નં.૪૨, તા.૨૩/૦૩/૨૦૨૬

૨. યુનિવર્સિટી પરિપત્ર નં.૩૧/૨૦૨૬, તા.૨૫/૦૨/૨૦૨૬

આ યુનિવર્સિટી સંલગ્ન કાઉન્સિલ સિવાયના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના (એમ.એ., એમ.કોમ., એમ.આર.એસ., અને એમ.એસ.ડબલ્યુ) અનુદાનિત અને સ્વનિર્ભરતાના ધોરણે અભ્યાસક્રમો ચલાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભિત ઠરાવ અન્વયે શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬-૨૭ માં વધારાના ડિવીઝન/બેઠકોની દરખાસ્ત નીચે મુજબની લાયકાત ધરાવતી કોલેજોએ આધારો સહિત કરવાની રહેશે. દરખાસ્ત સાથે નિયમોનુસાર વહીવટી ચાર્જના ડી.ડી **"રજીસ્ટ્રાર હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ"** પેયબલ એટ પાટણ સાથે દિન-૧૦ માં યુનિવર્સિટીને મોકલી આપવાની રહેશે. વિભાગોએ વધારાના ડિવીઝન/બેઠકોનો વહીવટી ચાર્જ ભરવાનો રહેશે નહિ. વધારાના ડિવીઝન/બેઠકો સંદર્ભે આપની સંસ્થા/કોલેજોનો કોઈપણ પ્રકારનો હક્ક દાવો રહેશે નહિ જેની ખાસ નોંધ લેશો.

૧. રાજ્ય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી મળેલ હોવી જોઈએ (સ્વનિર્ભરતાના ધોરણે ચાલતા સ્નાતક/ અનુસ્નાતક કોલેજો માટે).

૨. કાયમી આચાર્યશ્રીની ભરતી કરેલ હોવી જોઈએ.

૩. મૂળ ડીવીઝનમાં UGC ના નિયમોનુસાર માન્યતા ધરાવતા પુરતા અધ્યાપકો હોવા જોઈએ.

૪. અનુસ્નાતક કેન્દ્રોમાં જે-તે વિષયના સ્થાનિક ઓછામાં ઓછા બે અનુસ્નાતક શિક્ષકની માન્યતા ધરાવતા હોવા જોઈએ.

૫. વધારાના ડીવીઝન/બેઠકો માટે અભ્યાસક્રમને અનુરૂપ કોલેજોમાં જરૂરી ભૌતિક સુવિધાઓની શરતો પરિપૂર્ણ થતી હોવી જોઈએ.

માન.કુલપતિશ્રીની ફાઈલ પર મળેલ આદેશાનુસાર,

કુલસચિવ વતી

નં.-એકે/પ્રવેશ/ ૯૩૩/૨૦૨૬

તારીખ : ૦૭/૦૫/૨૦૨૬

પ્રતિ,

આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ વિભાગીય વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.

**નકલ સવિનય રવાના (જાણ સારૂ) :-**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ

૨. કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ

<u>નકલ સાદર રવાના (જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ) :-</u>

૧. પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ.
૨. ડૉ.ધર્મેન્દ્ર ઠાકર, યુનિ. GCAS નોડલ ઓફિસર, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી,પાટણ.
૩. મહેકમ શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ. (પરિપત્ર ફાઈલે)
૪. આંકડાશાસ્ત્ર શાખા, સંલગ્ન કોલેજો/વિભાગોને ઇ-મેઈલ કરવા સારૂ.
૫. સીસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, (યુનિવર્સિટીના વેબસાઇટ ઉપર મુકવા સારૂ)
૬. ઈન્ચાર્જ ઓફિસરશ્રી, ખેડબ્રહ્મા કેમ્પસ, મુ.વડાલી, જી.સાબરકાંઠા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી,પાટણ.
૭. ઈન્ફીનિટી ઈન્ફોવે,પ્રા.લી.રાજકોટ તરફ જાણ સારૂં.
૮. સંબંધિત ફાઈલે.

## સ્નાતક અભ્યાસક્રમ વહીવટી ચાર્જ / ફી ની વિગત દર્શાવતું પત્રક

| ક્રમાંક | અભ્યાસક્રમ | વર્ગ / ડિવીઝન / ઇન્ટેક | ફી ડિવીઝન દીઠ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | આર્ટસ/કોમર્સ | ૧૩૦ | રૂા. ૫૦,૦૦૦/-<br>+ રૂા. ૨,૦૦૦/- (પ્રોસેસીંગ ફી)<br>મળી કુલ રૂા. ૫૨,૦૦૦/- |
| ૨ | સાયન્સ | ૧૨૦ | રૂા. ૩,૦૦,૦૦૦/- |
| ૩ | પી.જી.ડી.સી.એ/<br>બી.આર.એસ/<br>બી.એસ.ડબલ્યુ | ૬૦ | રૂા. ૧,૨૫,૦૦૦/- |
| ૪ | ડીપ્લોમા ઇન હેલ્થ એન્ડ સેનેટરી ઇન્સ્પેકટર | ૮૦ | રૂા. ૧,૫૦,૦૦૦/- |

## અનુસ્નાતક અભ્યાસક્રમ દીઠ નિયત બેઠકો, વહીવટી ચાર્જની વિગત દર્શાવતું પત્રક

| ક્રમાંક | અભ્યાસક્રમ | નિયત બેઠકો | વહીવટી ચાર્જ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | M.A.,<br>M.COM | ૮૦ | રૂ|.૭૫૦/- લેખે બેઠક દીઠ<br>ડીવીઝન દીઠ રૂ|.૭૫૦૦૦/- |
| ૨ | MSW | ૭૦ | બેઠક દીઠ રૂા.૨૦૦૦/-<br>ડિવીઝન દીઠ-૧૨૫૦૦૦/- |
| ૩ | MRS | ૩૫ | બેઠક દીઠ રૂા.૨૦૦૦/-<br>ડિવીઝન દીઠ-રૂ|.૧૨૫૦૦૦/- |

Hemchandracharya North Gujarat University
* PATAN *

- M.A, M.COMમાં વધારાના ડિવિઝન માટે અધ્યાપકોની વિગત, સંમતિ પત્રક, વર્કલોડ, ભૌતિક સુવિધા અને નવા ડિવિઝનના વહીવટી ચાર્જ સાથે દરખાસ્ત કરવી.
- ડિવીઝનની વધારાની માંગણી કોલેજના યુનિવર્સિટી ધ્વારા માન્ય વિષયો માટે જ થઇ શકશે.
- વધારાનું ડીવીઝન મેળવનાર કોલેજ તેના બધા ડિવિઝનની મહત્તમ વિદ્યાર્થી સંખ્યા ડિવીઝન દીઠ જે નિયત થયેલ હોય તેનાથી વધુ કોઈ પણ સંજોગોમાં રાખી શકશે નહી.